# દર્દીનો નિરીક્ષક રાખવાનો અધિકાર

**તમને કોઈ પણ ડૉક્ટર દ્વારા થતી સ્તન, પેલ્વિક, જનનાંગ અને ગુદાની તપાસ દરમિયાન તપાસ રૂમમાં એક નિરીક્ષકને રાખવાનો અધિકાર છે.** નિરીક્ષક એવી વ્યક્તિ હોય છે, જેને આ પ્રકારની તપાસ દરમિયાન શું અપેક્ષા રાખવી અને ડૉક્ટર શું કરી રહ્યા છે તે જોવા માટે તાલીમ આપવામાં આવે છે. નિરીક્ષક એ ખાતરી કરવામાં મદદ કરી શકે છે કે તમને અયોગ્ય રીતે સ્પર્શ કરવામાં ન આવે. જો તમને નિરીક્ષક જોઈતા હોય, તો તેના માટે કહો. યાદ રાખો, તમે કોઈ પણ સમયે અને કોઈ પણ કારણસર તપાસ અટકાવી શકો છો.

જો તમારા ડૉક્ટર નિરીક્ષક ન આપે, અથવા જો તમને નિરીક્ષકની સુવિધા ન મળે, તો તમે તમારી તપાસ મુલતવી રાખી શકો છો અથવા રદ કરી શકો છો. જો આવું થાય, તો તમારા ડૉક્ટરે તમને ઉપલબ્ધ હોય તેવા અન્ય આરોગ્ય સંભાળ પ્રદાતાનો રેફરલ આપવો જ જોઈએ. તમે નિરીક્ષક વિના તપાસ કરાવવાનો પણ નિર્ણય લઈ શકો છો, અથવા તમારી ડૉક્ટરની મુલાકાતના એવા અન્ય ભાગો સાથે આગળ વધી શકો છો જેમાં તપાસ સામેલ નથી. તે તમારો નિર્ણય છે.

ધ ન્યુ જર્સી ડિવિઝન ઓફ કન્ઝ્યુમર અફેર્સ, ડૉક્ટરો અને અન્ય આરોગ્ય સંભાળ પ્રદાતાઓને લાયસન્સ આપે છે. **જો તમને તમારી તપાસ સંબંધિત કોઈ ચિંતા અથવા ફરિયાદ હોય, તો તમે ડિવિઝન ઓફ કન્ઝ્યુમર અફેર્સમાં ફરિયાદ નોંધાવી શકો છો. ફરિયાદ દાખલ કરવા વિશે વધુ માહિતી માટે, અહીં આપેલી વેબસાઇટની મુલાકાત લો: https://www.njconsumeraffairs.gov/sexual-misconduct-complaint.**

**જુઓ** *N.J.A.C. 13:35-6.23*

અહીં સ્કેન કરો
વધુ માહિતી માટે

ન્યુ જર્સી ઑફિસ ઑફ ધ એટર્ની જનરલ
ડિવિઝન ઑફ કન્ઝ્યુમર અફેર્સ